# મેડિકો લીગલ એડવાઈઝર (તબીબી કાનૂની સલાહકાર)

મેડિકો લીગલ એડવાઈઝર્સ એ તબીબો અને કાનૂની પ્રક્રિયાઓ વચ્ચેની કડી છે, જે સામાન્ય સલાહ આપવાથી લઈને દાવાઓ, ફરિયાદો, નિયમનકારી મુદ્દાઓ, તપાસ તેમજ ફોજદારી તપાસ સુધીના વિવિધ કેસોનું સંચાલન કરે છે. પરિયોજનાઓના પ્રબંધનના કેસોમાં, તેઓ સંબંધિત ડોકટરો સાથે સંપર્ક કરે છે અને જરૂરી જણાય તો સોલિસિટર અને બેરિસ્ટરને જરૂરી સૂચના આપે છે અને કેસના એકંદર સંચાલનની દેખરેખ રાખે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમને સમસ્યાઓ અને પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે
- તમે સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું પસંદ કરો છો
- તમે વિગતો પર ધ્યાન આપો છો

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૪૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- કાયદાના વિદ્યાર્થીઓ માટેની આદિત્ય બિરલા શિષ્યવૃત્તિ અને જી.ઈ.વી. મેમોરિયલ મેરિટ શિષ્યવૃત્તિ ખાસ કરીને કાયદાના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શિષ્યવૃત્તિ છે.
- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.



## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. આરોગ્ય સંભાળ સાથે સંબંધિત અભ્યાસક્રમમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો. ત્યારબાદ, LLBની ડિગ્રી મેળવો.

**અથવા**

આરોગ્ય સંભાળ સાથે સંબંધિત અભ્યાસક્રમમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો. ત્યારબાદ, મેડિકલ લો અને એથિક્સમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

મેડિકો લીગલ એડવાઈઝરનું અંદાજીત માસિક વેતન રૂ. ૬૦,૦૦૦ થી ૯૮,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://ambitionbox.com/profile/regional-medical-advisor-salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કાનૂની સંસ્થાઓ, સ્વતંત્ર સલાહકાર સેવાઓ, આરોગ્ય સંભાળ સંસ્થાઓ, કોર્પોરેટ હોસ્પિટલો

**ઉદ્યોગ સાહસિકતા:** તમે સલાહકાર તરીકે અથવા ફ્રીલાન્સર તરીકે કામ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ છે. તમે જૂથમાં કામ કરશો તેવી સંભાવના છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. તમારા ગ્રાહકોને મળવા માટે  તમારે મુસાફરી કરવી પડી શકે છે. જો તમે કોઈ સંસ્થા માટે કામ કરવા માંગતા હોય તો તમે અઠવાડિયામાં ૪૦ કલાકથી વધુ કામ કરી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

મેડીકો લીગલ ઈન્ટર્ન/કાનૂની અનુપાલન અધિકારી → મેડીકો-લીગલ કન્સલ્ટન્ટ → કેસ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

લીગલ કાઉન્સેલ, ડેપ્યુટી મેડિકલ સુપ્રિટેન્ડન્ટ, લીગલ કમ્પલાયન્સ ઓફિસર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કાયદા/અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ગવર્મેન્ટ લૉ કૉલેજ, અમદાવાદ
૨. એમએસયુ, વડોદરા
૩. આઈ.એલ.એસ., પુણે
૪. એન.એલ.યુ., હૈદરાબાદ
૫. એન.યુ.જે.એસ., કોલકાતા
૬. જે.એમ.આઈ., દિલ્હી
૭. જી.એન.એલ.યુ., ગાંધીનગર
૮. એએમપી લૉ કૉલેજ, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. આર્મી ઈન્સ્ટિટ્યુટ ઓફ લો, મોહાલી
૩. આઈ.એલ.આઈ., દિલ્હી
૪. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૫. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૬. એમિટી લો સ્કૂલ, દિલ્હી
૭. ડૉ.આંબેડકર લૉ યુનિવર્સિટી, ચેન્નાઈ
૮. એયુઆરઓ (ઓરો) યુનિવર્સિટી, સુરત

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ડૉ. સુનિલ ખત્રી**, લો ફર્મ ડૉ. સુનિલ ખત્રી અને એસોસિએટ્સના સ્થાપક અને મેનેજિંગ પાર્ટનર છે. તેઓ તબીબી અને કાનૂની સેવાના ક્ષેત્રોમાં લગભગ ચાલીસ વર્ષનો અનુભવ છે. તે પુણેની આર્મ્ડ ફોર્સિસ મેડિકલ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે, જ્યાંથી તેમણે જનરલ સર્જરીમાં એમ.બી.બી.એસ. અને એમ.એસ.ની પદવી હાંસલ કરી. તેમણે દિલ્હી યુનિવર્સિટીમાંથી એલ.એલ.બી. કર્યું. તેમની સંસ્થા થકી તેઓ ગ્રાહકોને તબીબી કાનૂની સેવાઓ પૂરી પાડે છે.*

સ્રોત: https://www.delhimedicalnegligence.com

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.